# ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ

- **પ્રાગ ઐતિહાસિક કાળ:**

→ સાબરમતી, મહી, ઓરસંગ, નર્મદા, ભાદર, વાડી, હેબી વગેરે નદીઓના કિનારેથી અને કોતરોમાંથી પ્રાગ–ઐતિહાસિક કાળના અવશેષો મળી આવ્યા છે. તેમાંથી પ્રાચીન ડેન્ટેલીમ દરિયાઈ માછલી, વરુ, નોળિયો, ગેંડા, જંગલી સૂવર, ચિત્તલ, નીલગાય વગેરેના અવશેષો મળ્યા છે (રોબર્ટ બ્રુશફુટ), ત્યાં આવેલ **અંધારિયો ટીંબો** અને **રાવળીયાનો ટીંબો** નામના સ્થળેથી 1944 થી 1963 દરમ્યાન Environmental Archeology વિભાગ દ્વારા ખોદકામ કરવામાં આવ્યું હતું, **ભારતમાં મળેલ મનુષ્યના સૌથી જૂના હાડકા અને અવશેષો લાંઘણજ ખાતેથી મળી આવે છે,** 1946માં આ ખોદકામ **હસુમુખ સાંકળિયા**ના વડપણ નીચે કરવામાં આવ્યું.

- **હડપ્પા કાલીન ગુજરાત:**

→ **ગુજરાતમાંથી રંગપુર, તા.લીમડી. જિ.સુરેંદ્રનગર ખાતેથી હડપ્પાકાલીન સંસ્કૃતિના અવશેષો સૌપ્રથમ મળી આવ્યા.** ત્યારબાદ ઘણાં અન્ય સ્થળોએથી પણ હડપ્પાકાલીન અવશેષો મળી આવ્યા છે, તેમાંથી મુખ્ય સ્થળોની મહિતી નીચે મુજબ છે.

| **સ્થળ જિલ્લો/વિસ્તાર** | **અવશેષો/વિશેષતાઓ** |
| --- | --- |
| - **બાબરકોટ (જૂનાગઢ):** | બાજરી અને ચણા |
| - **બેટ દ્વારકા (દે.દ્વારકા):** | સિક્કા, બરણી, તાંબાનો માછલી પકડવાનો હાથો |
| - **ભગતરાવ (ભરૂચ):** | – |
| - **દેશલપર (નખત્રાણા, કચ્છ): (જગતપતિ જોષી)** | માટલાં અને સિક્કા |
| - **ધોળાવીરા (કચ્છ):** | બળદગાડાંનુંચિત્ર, જળવ્યવસ્થા, પથ્થરોનાં મકાન |
| - **ગોળધોરો(બગસરા, અમરેલી):** | બંગડીઓ, મણકાંઓ |
| - **ખીરસર (નખત્રાણા, કચ્છ):** | સોનું, તાંબુ, વજનિયાં |
| - **પાદરી અને કેરાલાનો ધોરો (ભાવનગર):** | મીઠા ઉત્પાદન કેન્દ્ર |
| - **કુંતાસી (મોરબી):** | નાનું બંદર |
| - **લોટેશ્વર (પાટણ):** | પ્રાચીન અવશેષો |
| - **લોથલ (એસ.આર.રાવ)1957: (અમદાવાદ)** | મણકાંની ફેક્ટરી, ડોક્યાર્ડ, અગ્નિકુંડો, ચિત્ર દોરેલી બરણી, ચોખાની ખેતીના અવશેષો |
| - **માલવણ(સુરત): (જગતપતિ જોષી 1967)** | હડપ્પા સંસ્કૃતિનો દક્ષિણતમ છેડો. |
| - **પબુમઠ(કચ્છ):** | મોટું વિશાળ મકાન, એકશુંગી પ્રાણી ની મુદ્રા, બંગડીઓ, મણકાં, સોય, લાલ માટલાં |
| - **રંગપુર (સુરેન્દ્રનગર):** | દરિયાઈ બંદર |

(એસ. આર રાવ 1953)

| | |
|---|---|
| - **રોજડી (રાજકોટ):** | – |
| - **શિકારપુર (કચ્છ):** | ખોરાકીય બાબતોની શોધ |
| - **સુરકોટડા (કચ્છ):** (જગતપતિ જોષી 1964) | ઘોડાના અવશેષો(એકમાત્ર સ્થળ) |
| - **વેજલકા (બોટાદ):** | માટલાં |
| - **લાખા બાવળ, આમરા (જામનગર):** | – |
| - **કોટ, પેઢામલી વિજાપુર(મહેસાણા):** | – |

- મુખ્ય પશું :– **ખૂંધ વાળો બળદ**
- ગુજરાતનું સૌથી પ્રાચીન બંદર :– **લોથલ**
- ત્યાર બાદના સમયગાળાની કોઈ માહિતી ઉપલબ્ધ નથી, છેલ્લે 1963 થી 1980ના સમયગાળામાં આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈંડિયા એ સમુદ્રમાં કરલ શોધખોળમાં પ્રાચીન દ્વારકા નગરીના અવશેષો મળી આવ્યાં છે **ANAMIKA ACADEMY** જેથી ગુજરાતમાં મહાભારત યુગ સાંકળી શકાય.

## પૌરાણિક ઈતિહાસ

→ શર્યાતિના વંશજ આનર્તના નામ પરથી ગુજરાતનો વિસ્તાર આનર્ત તરીકે ઓળખાતો(રાજધાની : કુશસ્થળી{દ્વારકા}). કંસની હત્યાબાદ કૃષ્ણ, બલરામ યાદવ સેના સાથે ગુજરાતના સૌરાષ્ટ્રમાં આવી ચડ્યાં, ત્યારે ગુજરાતમાં સૌરાષ્ટ્ર નો વિસ્તર આનર્તના પુત્ર રૈવતની સત્તા તળે હતો. પ્રાચીન આનર્ત એટલે હાલમાં તળગુજરાતનો ઉત્તરભાગ. શર્યાતિના વંશજ આનર્તના નામ પરથી ગુજરાતનો વિસ્તાર આનર્ત તરીકે ઓળખાતો, વડનગરનું જૂનુ નામ :– **આનર્તનગર**.

→ રૈવત સાથેના યુદ્ધ અને સંધિ બાદ રૈવતી અને બલરામના લગ્ન થયાં અને દ્વારિકામાં કૃષ્ણનું શાસન શરૂ થયું. આહિર અને યાદવો ત્યારબાદ ત્યાં સ્થાયી થયાં યાદવસ્થળી દરમ્યાન યાદવોનો વંશ મૃત્યુ પામ્યો, **કૃષ્ણ ના પુત્ર પ્રધુમન અને તેનો પુત્ર અનિરૂધ્ધ** (પ્રદ્યુમ્નની પત્ની– રૂકમાવતી) કાળક્રમે દ્વારિકા સમુદ્રમાં ડુબી ગઈ અને યાદવોનો નાશ થયો.

- **મૌર્યકાળ:**

→ **સ્થાપક :** ચંદ્રગુપ્ત મૌર્ય ( રાજધાની: ગિરિનગર{હાલ.ગિરનાર} )

→ ચંદ્રગુપ્ત મૌર્યના સમયથી ગુજરાતનો પ્રમાણિત ઈતિહાસ શરૂ.(ઈ.સ. પૂર્વે 322 થી 185)

→ આ સમયમાં વહીવટી વડા તરીકે **"મહામાત્ર"** સત્તા સંભાળતો.

→ **ચંદ્રગુપ્ત મૌર્યના સુબા પુષ્યગુપ્તે જુનાગઢના ગિરનારમાં સુદર્શન તળાવ બંધાવ્યું. (ગુજરાતનું સૌથી પ્રાચીન તળાવ)**

→ તે સમયે બૌધ્ધ ધર્મ પ્રચલિત હતો.

→ જૂનાગઢમાં અશોકનો શિલાલેખ આવેલો છે. જે બ્રાહ્મી લિપી ( દેવનાગરી લિપી ) અને પાલિભાષા માં રચાયેલ છે.

→ આ શિલાલેખમાં **14 ધર્મ આજ્ઞાઓ** હતી. તેમં અશોક રાજાનો ઉલ્લેખ " **પ્રિયદર્શી રાજા"** અને **"દેવોનાં પ્રિય"** તરીકે કરવામાં આવ્યો છે.


Office : Branch 1: Anamika Academy, Sector-22 LAL Bhuvan Complex, Near Gh-6 Circle
Branch 2 : Pramukh Prerana Apartment, Sector 6-B Gandhinagar
Visit : www.anamikaacademy.org for more details OR Call : 9979997945 ,8000040575

→ ઈ.સ. 1822માં કર્નલ ટોડ દ્વારા શોધ અને 1837માં જેમ્સ પ્રિન્સેપ દ્વારા આની લિપી ઉકેલવામાં આવી હતી.

→ અશોક મુજબ સૌથી મુખ્ય વિજય **"ધર્મનો વિજય"** છે.

→ મોર્યવંશ દરમિયાન વહિવટ **રાજ્યપાલો** દ્વારા ચાલતો.

- **અનુમૌર્ય કાળ:**

→ ક્ષત્રપો (શકો) નું શાસન.

→ પશ્ચિમ ભારતમાં 400 વર્ષ સુધી ક્ષત્રપોનું શાસન હતું.

→ ક્ષત્રપ એટલે **'રાજ્યપાલ'** કે **'પૃથ્વીપાલ'**, આ વંશમાં કુલ છ કુળ થઈ ગયા.

→ ઈ.સ. 150માં અતિવૃષ્ટિથી સુદર્શન તળાવ તુટતા ગિરનારના **'અમાત્ય સુવિશાખ'** દ્વારા સમારકામ.

→ આ વંશના રાજા રુદ્રસિંહ પ્રથમ દ્વારા સૌ પ્રથમ સિક્કાઓમાં **સંવત(વર્ષ)** લખવાની શરૂઆત થઈ.

→ સ્તૂપની અંદર અવશેષ મૂકેલી સૌથી પવિત્ર જગ્યા **'હર્મિકા'** તરીકે ઓળખાય છે.

→ જૂનાગઢના ઈંટાવામાં મહારાજ રુદ્રસેન વિહાર, જૂનાગઢ ખાતે બોરિયા ખીણ પાસે **'બકી લાખાની મેડી'** તરીકે ઓળખાતો સ્તૂપ.

→ ગોંડલના વીરપુર ખાતે **'ખંભાલીકાની ગુફા'** જે પથ્થરો કોતરીને બનાવેલી જેમા પદ્મપાણી અવલોકિતેશ્વર અને વ્રજપાણીની મૂર્તિ.

→ ભાવનગરના તળાજા ખાતે 30 જેટલી ગુફાઓ આવેલ છે જેને **'એભલ મંડપ'** કહે છે.

→ ઉના તાલુકાના સાણા ખાતે 62 ગુફાઓના સમૂહને પણ 'એભલ મંડપ' કહે છે.

→ શામળાજી ખાતે 'દેવની મોરિ' ગામ ખાતે **ઈંટેરી સ્તૂપ:** ભોજરાજના ટેકરા મહારાજ રુદ્રસેન ત્રીજા તરીકે ઓળખવામાં આવે છે.

→ **શ્રેષ્ઠ ક્ષત્રપ રાજા:** રુદ્રદામા (જુનાગઢ માં તેનો લેખ આવેલો છે.)

→ **છેલ્લો ક્ષત્રપ રાજા:** રુદ્રસિંહ ત્રીજો

- **ગુપ્તકાળ:**

→ **સ્થાપક:** ચંદ્રગુપ્ત પહેલો.

→ **પ્રચલિત ધર્મ:** વૈષ્ણવ ધર્મ.

→ ચંદ્રગુપ્ત બીજાએ રુદ્રસિંહને હરાવીને ગુજરાતમાંથી ક્ષત્રપ સત્તાનો અંત કર્યો.

→ ચંદ્રગુપ્ત બીજાના સમયમાં **ચીની મુસાફર ફાહયાને** ગુજરાતની મુલાકાત લીધી.

→ સ્કંદગુપ્તના સુબા પર્ણદત્તે સુદર્શન તળાવનો જીર્ણોધ્ધાર કરાવ્યો અને તેના કિનારે વિષ્ણુ મંદિર બંધાવ્યું. (ચક્રપાલિત દ્વારા સુદર્શન તળાવનું બીજી વાર સમારકામ)

→ સ્કંદગુપ્ત: સૂબા તરિકે પર્ણદંત -> તેનો પુત્ર ચક્રપાલિત

→ ગિરનારનો નગરપતિ: ચક્રપાલિત

→ ગુજરાતમાં ગુપ્તવંશના રાજાઓ નહિ પરંતુ તેમના સૂબાઓ દ્વારા શાસન થતું હતું.

→ ગુપ્તકાળમાં ગ્રીસ અને રોમ સાથે વ્યાપારી સંબંધો જોવા મળતા હતા.

→ સ્કંદગુપ્તના નામના સોનાના સિક્કા બહાર પાડવામાં આવ્યા.

- **મૈત્રકવંશ:**

→ **સ્થાપક:** સેનાપતિ ભટાર્ક

→ **રાજધાની:** વલભીપુર (ભાવનગર)

→ **પ્રચલિત ધર્મ:** શિવ ધર્મ

→ **વિશ્વવિખ્યાત વિદ્યાપીઠ:** વલભીપુર

→ આ યુગમાં ભટ્ટાર્ક પછી પછી ધરસેન–1, દ્રોણસિંહ, ગુહસેન, ધરસેન–2નું શાસન થયું.(**ધરપટ્ટ:** સેનાપતિ ભટ્ટાર્કનો સૌથી નાનો જ્ઞાન પુત્ર)

→ ત્યાર બાદ શિલાદિત્ય–1 નામના રાજાએ સત્યયુગનો માર્ગ સાફ કરીને ધર્માચરણ દ્વારા **ધર્માદિત્ય** નું બિરુદ ધારણ કર્યુ. (તેના સમયમાં પ્રાણીઓને પણ ગાળેલું પાણી આપવામાં આવતું)

→ ધ્રુવસેન પ્રથમના સમયમાં વલભી ખાતે ઈ.સ.512માં જૈન મહાપરિષદ: **શ્વેતાંબર** અને **દિગંબર**

→ **આનંદપુર**ની સભામાં "કલ્પસૂત્ર"(જૈન ધાર્મિક ગ્રંથ)નું વાંચન થયું.

→ ધ્રુવસેન બીજાના સમયમાં ચીની મુસાફર હ્યુ–એન–ત્સંગ ગુજરાતની મુલાકાતે આવ્યો હતો. ધ્રુવસેન બીજાએ સમ્રાટ હર્ષવર્ધનની પુત્રી સાથે લગ્ન કર્યા.

→ તેના પુત્ર ધરસેન ચોથાએ **મહારાજાધિરાજ, પરમેશ્વર,** અને **ચક્રવર્તી** જેવાં બિરુદ ધારણ કર્યાં. કવિ ભટ્ટી (કૃતિ: રાવણવધ) તેના દરબારી કવિ હતાં.

→ ત્યાર બાદ શિલાદિત્ય 3, 4 અને 5 આવ્યાં. **શિલાદિત્ય – 5** ના સમયમાં આરબોએ વલ્લભીનો નાશ કર્યો.

→ આ વંશનો છેલ્લો રાજા : **શિલાદિત્ય 7 મો.**

→ વલ્લભી માં ગુણમતિ અને સ્થિરમતી બૌદ્ધ ધર્મની પ્રખ્યાત પંડિતાઓ હતી.

- **મૈત્રકોના સમકાલીન રાજ્યો:**

→ ગારુલક વંશ (ઢાંક)

→ સૈન્ધવ વંશ (ધુમલી)

→ દક્ષિણ ગુજરાત (અપરાંત પ્રદેશ) માં ત્રૈકુટકો, કટચૂરિઓ (ભૃગુકચ્છ), ગુર્જર નૃપતિઓ (નાંદીપુર), ચાહમાનો(અંકલેશ્વર), સેંન્દ્રકો(તાપી તટ), ચાલુક્યો(નવસારી) નું શાસન હતું.

- **અનુમૈત્રક કાળ:**

→ **રાષ્ટ્રકુટો :**– દક્ષિણ ગુજરાતમાં ( નવસારીથી વડોદરા )

→ રાજધાની :– માન્યખેટ (હાલ – નાસિક)

→ ગુજરાતના પ્રથમ સ્વતંત્ર રાષ્ટ્રકૂટ સત્તાનો સ્થાપક 'દન્તીદુર્ગ' હતો.

→ દન્તીદૂર્ગના મૃત્યુ બાદ કૃષ્ણરાય પહેલો, ત્યારબાદ ગોવિંદ બીજો, ત્યારબાદ ધ્રુવ પહેલો અને ગોવિંદ ત્રીજો રાજાઓ થઈ ગયા.

→ ગુજરાતની રાષ્ટ્રકૂટ શાખાનો છેલ્લો રાજા: **અકાલવર્ષ કૃષ્ણ**

→ ઈ.સ. 972 માં પ્રશ્ચિમી શાખાનાં ચાલુક્ય રાજા તૈલપને હસ્તે માન્યખેટ નાં રાષ્ટ્રકૂટોનું ઉચ્છેદન થયું ત્યારે ગુજરાતમાંથી રાષ્ટ્રકૂટ વંશનો અસ્ત થયો.

- **ગુર્જર પ્રતિહાર શાસન: (ઈ.સ.750 થી 950)**

→ રાજધાની – ભિન્નમાલ. ઈ.સ 628 માં ભિન્નામાલમાં આચાર્ય બહ્મગુપ્તે **બ્રહ્મસ્પૂટ સિધ્ધાંત** નામનો ખગોળશાસ્ત્રનો પ્રસિદ્ધ ગ્રંથ રચ્યો.

→ **શિશુપાલ વધના સર્જક મહાકવિ માઘ** પણ ભિન્નમાલના વતની હતા.

→ આ વંશનો સ્થાપક નાગભટ્ટ પહેલો હતો. તેના પછી વત્સરાજ અને નાગભટ્ટ બીજો શાસન પર આવ્યા, તેમના કારણે જ આપણા વિસ્તારને 'ગુજરાત' એવું નામ મળ્યું,

→ **મિહિર ભોજ** આ વંશનો સૌથી પ્રતિભાશાળી રાજવી હતો. ત્યારબાદ તેનો પુત્ર મહેન્દ્રપાલ અને તેનો પુત્ર મહિપાલ ગાદી પર આવ્યા, મહિપાલના અવસાન બાદ આ સત્તા નબળી પડી. અને તેમનું સામાજ્ય અસ્ત પામ્યુ .

- **ચાવડાવંશ: (ઈ.સ. 746–942)**

→ **સ્થાપક:** વનરાજ ચાવડા

→ **રાજધાની:** પંચાસર ( હાલ – રાધનપુર નજીકનો પ્રદેશ)

→ ગુજરાતની ચાલુક્ય શાખાનાં રાજા **'અવનીજનાશ્રય'**નાં નવસારીનાં ઈ.સ. 738 ના તામ્રપત્રમાં 'ચાપોટક' એટલે કે 'ચાવડા વંશ' નો નિર્દેશ મળે છે. તેમની પ્રારંભિક રાજધાની 'પંચાસર' હતી. પંચાસરમાં જયશિખરી ચાવડાનુ રાજ્ય હતું. તેની પર ભુવડે આક્રમણ કર્યુ.(કાન્યકુબ્જ પ્રદેશનાં કલ્યાણ કટકનાં ચાલુક્ય રાજા.) જયશિખરીએ પોતાની સગર્ભા રાણી રૂપસુંદરીંને ભાઈ સુરપાળ જોડે સુરક્ષિત સ્થળે મોકલી આપી. જંગલમાં જ 'વનરાજ' નો જન્મ થયો. તેણે ભીલોની સેના ભેગી કરી અને 'ચાંપો બાણાવળી' અને 'અણહીલ ભરવાડ' ની મદદ લઈ પોતાનું રાજ્ય પાછું મેળવ્યું.

→ ત્યારબાદ બે મિત્રો **ચાંપા બાણાવળી ની યાદ માં 'ચાંપાનેર' અને અણહીલ ભરવાડની યાદ માં 'અણહીલપુર પાટણ' ની સ્થાપની કરી.** ત્યારબાદ વનરાજ ચાવડાનો ઈ.સ.746 માં રાજ્યાભિષેક થયો. વનરાજે પાટણમાં પંચાસરા પાર્શ્વનાથ નું મંદિર તથા પાટણમાં કંથેશ્વરી માતાનું મંદિર બંધાવ્યું હતું. **ANAMIKA ACADEMY**

→ **18મી** સદીના પુસ્તક "મિરાત–એ–અહમદી" (પ્રમાણભૂત માહિતી પૂરી પાડે છે) આઠ રાજાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

→ ત્યારબાદના શાસકોમાં યોગરાજ ચાવડા, ક્ષેમરાજ, વૈરસિંહ વગેરેનો સમાવેશ થાય છે.

→ **ચાવડાવંશનો અંતિમ રાજા: સામંતસિંહ ચાવડા**

→ સામંતસિંહ ચાવડાનાં ભાણિયાં મૂળરાજા તેની હત્યા કરી ગુજરાતમાં સોલંકી વંશની સત્તા સ્થાપી.

- **સોલંકી વંશ:** ગુજરાતનો સુવર્ણ યુગ.

→ **સ્થાપક:** મુળરાજ સોલંકી

→ **રાજધાની:** અણહિલપુર પાટણ

→ સોલંકી રાજાઓ માટે ચોલુક્ય કુળ નામ પણ જોવા મળે છે.

→ આ રાજાઓના સમયમાં ગુજરાત માટે **'ગુર્જર દેશ'** નામ પ્રચલિત હતું.

→ 13મી સદીના "આબુરાસ" કૃતિમાં આ શબ્દનો પ્રથમ ઉલ્લેખ.


Office : Branch 1: Anamika Academy, Sector-22 LAL Bhuvan Complex, Near Gh-6 Circle
Branch 2 : Pramukh Prerana Apartment, Sector 6-B Gandhinagar
Visit : www.anamikaacademy.org for more details OR Call : 9979997945 ,8000040575

→ **મુળરાજ સોલંકી: દ્વયાશય અનુસાર મૂળરાજે લગભગ 55 વર્ષ શાસન કર્યુ. અને સૌરાષ્ટ્રનાં રાજા ગૃહરિપુ અને કચ્છનાં રાજા લાખા ફૂલાણીને યુદ્ધમાં હરાવ્યા.** તેણે લાટ પ્રદેશના બારપ્પને હરાવ્યો તથા શાકંભરી ચૌહાણ રાજા વિગ્રહરાજા તથા આબુનાં પરમાર રાજા ધરણીવરાહ ને પરાજય આપેલા છે. તેણે પાટણમાં અનેક મંદીરો અને **સિધ્ધપુરમાં રુદ્રમહાલય નુ નિર્માણ** કરાવ્યુ હતું.

→ મૂળરાજ ના અવસાન બાદ તેનો પુત્ર **ચામુંડરાજ** ગાદી પર આવ્યો. તે સમય દરમ્યાન વલ્લભરાજ શિતળાની બિમારીથી મૃત્યુ પામતાં ચામુડરાજે તેના પુત્ર દુર્લભરાજને ગાદી સોંપી.

→ **દુર્લભરાજ** 12 વર્ષનાં શાસનમાં લાટનાં સામંત કીર્તિરાજને પરાજય આપ્યો. દુર્લભરાજ અપુત્ર હોવાથી તેના અવસાન બાદ તેના ભાઈ નાગરાજનો પુત્ર ભીમદેવ પહેલો ગાદી પર આવ્યો.

- **ભીમદેવ સોલંકી પ્રથમ: ( ઇ.સ.1022 થી ઇ.સ.1064)**

→ ભીમદેવનાં ગાદી પર બેઠાનાં 2 વર્ષમાં જ **1026માં મહેમુદ ગઝનવી એ સોમનાથ પર ચડાઇ કરી.** એક વિવરણ મુજબ અણહિલવાડનો રાજા ભીમદેવ પાટણથી નાસી જઇને  માં ભરાઇ ગયો. મહમુદ ગઝનવીએ મંદિર લૂંટીને પુષ્કળ દોલત મેળવી. સિંધનાં રસ્તે ગઝની પાછો વળ્યો.

→ ત્યારબાદ ભીમદેવે સૌપ્રથમ સોમનાથનું પથ્થરનું નવુ વિશાળ મંદિર બંધાવ્યું. તેણે મોઢેરામાં પુષ્પાવતી નદિના કિનારે સૂર્યમંદિર બંધાવ્યું. **ભીમદેવની રાણી ઉદયમતીએ પાટણમાં સુંદર કોતરણીવાળી ‘રાણકીવાવ” બંધાવી.**

→ ભીમદેવ બાદ **રાણી ઉદયમતી નો પુત્ર કર્ણદેવ સોલંકી** ગાદી પર આવ્યો.

- **કર્ણદેવ સોલંકી પ્રથમ: (ઇ.સ.1064 થી ઇ.સ.1094)**

→ તેણે માળવાના રાજા જયસિંહને હરાવ્યો હતો. તેણે કલ્ચૂરી રાજા યશકર્ણને પરાજ્ય આપી લાટ જીતી લીધુ હતું. **આશાપલ્લીના આશભીલને હરાવી કર્ણાવતીનગર વસાવ્યુ. કર્ણરાજ સાગર નામનું સરોવર બંધાવ્યું અને તેના કિનારે કર્ણેશ્વર મંદિર બંધાવ્યું.**

→ તેણે કર્ણાટકના રાજા જયકેશી કદંબની પુત્રી **મયણલ્લાદેવી (મીનળદેવી)** સાથે વિવાહ કર્યાં હતા.આ ઉપરાંત કર્ણદેવે પાટણમાં **કર્ણમેરૂપ્રસાદ** બંધાવ્યો હતો.

→ કર્ણદેવનું અવસાન થતાં શાસન મીનળદેવીના હસ્તક આવ્યું.

- **મીનળદેવી:**

→ ગુજરાતની પ્રથમ મહિલા શાસિકા,

→ તેમણે **સોમનાથના બાહુલોદ સ્થળે લેવાતો યાત્રાવેરો માફ કરાવ્યો.**

→ તેમણે ધોળકામાં ન્યાયના પ્રતિક સમું **મલાવ તળાવ** અને વિરમગામમાં **મુનસર** (અર્ધસહસ્ત્રલિંગ તળાવ) અને **ગંગાસર** તળાવ બંધાવ્યાં.

- **સિદ્ધરાજ જયસિંહ:**

→ **જન્મસ્થળ:** પ્રહલાદનપુર (પાલનપુર)

→ તેના પાંચ નામ: સિદ્ધ, ચંડ, અવંતિનાથ, ચક્રવર્તી, બાર્બરિક જિષ્ણું

→ **સોલંકી વંશનો સૌથી પરાક્રમી અને મુત્સદ્દી રાજવી.**

→ તેણે બાબરિયાભૂતને હરાવી **બર્બરિક જિષ્ણુ**નુ બિરુદ મેળવ્યુ.


Office : Branch 1: Anamika Academy, Sector-22 LAL Bhuvan Complex, Near Gh-6 Circle
Branch 2 : Pramukh Prerana Apartment, Sector 6-B Gandhinagar
Visit : www.anamikaacademy.org for more details OR Call : 9979997945 ,8000040575

→ તેણે જૂનાગઢના રાજા રા' નવગણ અને તેના પુત્ર રા' ખેંગારને હરાવ્યા. પોતાની **વાગદત્તા રાણક દેવી** ને રા'ખેંગાર પાસેથી છોડાવી પરંતુ તે વઢવાણ પાસે સતી થઈ. સોરઠના વિજય બાદ પોતાના રાજ્યમાં ભેળવી દઈ સિધ્ધરાજે ત્યાં સૂબા તરીકે સજ્જન મંત્રીની નિમણૂક કરી.

→ તેણે 1136માં **માળવાના રાજા યશોવર્માને હરાવી 'અવંતિનાથ'** નુ બિરુદ ધારણ કર્યુ. સિંધ સરહદ ના સિંધુરાજ વગેરે રાજાઓને પણ હરાવ્યાં.

→ સાંભરનો રાજા અર્ણોરાજ સિધ્ધરાજને નમી ગયો, તેથી સિદ્ધરાજે પોતાની પુત્રી કાંચનદેવીને તેની સાથે પરણાવી.

→ તેણે દક્ષિણના ચૌલુક્ય રાજા વિક્રમાદિત્ય છઠ્ઠા (પરમર્દી કલ્યાણ)ને હરાવ્યો.

→ તેણે બુંદેલખંડના ચંદેલ રાજા મદનવર્મા સાથે યુદ્ધ–સંધિ કરી. આમ સિધ્ધરાજના પરાક્રમોએ અણહિલવાડના નાનકડા રાજ્યને એક વિશાળ સામ્રાજ્યમાં પલટી નાંખ્યું.

→ **સિદ્ધરાજે પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ** બંધાવ્યું તેના કાંઠે 1008 શિવલિંગ બંધાવ્યા, 108 દેવી મંદિર કરાવ્યાં અને વિષ્ણુનું દશાવતાર મંદીર કરાવ્યું.

→ **તેણે સિધ્ધપુરમાં મૂળરાજ સોલંકીએ બંધાવેલ રુદ્રમહાલયનો જિર્ણોદ્ધાર કરાવ્યો.**

→ **જસમા ઓડણની દંતકથા સહસ્ત્રલિંગ તળાવ** સાથે સંકાળયેલી છે.

→ તેણે **સિંહપુર (હાલનુ સિહોર)** વસાવ્યું.

→ **સિદ્ધરાજે ડભોઈ, વઢવાણ, ઝિંઝુવાડા,વીરપુર વગેરે અનેક સ્થાનોએ કિલ્લાઓ અને કપડવંજ, શિહોર, વીરમગામ વગેરે સ્થળોએ વાવ–તળાવ બંધાવ્યાં હતાં.**

→ શ્રીપાલ એ સિદ્ધરાજના દરબારનો પ્રસિદ્ધ કવિ હતો. તેણે **વૈરોચના પરાજય** નામનો ગ્રંથ તથા 'સહસ્ત્રલિંગ સરોવર' વગેરે પ્રશસ્તિઓ રચી છે.

→ કવિ વાગ્ભટ્ટે વાગ્ભટ્ટાલંકાર, જયમંગલાચાર્ય, કવિશિક્ષા વગેરે ગ્રંથો સિદ્ધરાજના રાજ્યકાળ દરમિયાન રચ્યાં હતાં.

→ હેમચંદ્રાચાર્યે તેના સમયમાં **'સિદ્ધહેમશબ્દાનુશાસન'**ની રચના કરી અને હાથીની અંબાડી પર પાટણમાં તેની શોભાયાત્રા નીકળી.

- **કુમાળપાળ: (ઈ.સ.1143 થી 1172) (ગુજરાતનો અશોક)**

→ **તેણે અજમેરના રાજા અર્ણોરાજ અને કોંકણના રાજા મલ્લિકાર્જુનને હરાવ્યાં.**

→ ભાઈ કીર્તિપાલ અને ઉદયનનો સાથ લઈ સોરઠમાં બહારવટીયાઓને હરાવ્યાં.

→ તેણે જૈનધર્મને રાજ્યાશ્રય આપ્યો –દારૂ,જુગાર,હિંસા પર પ્રતિબંધ મુક્યો.

→ હેમચંદ્રાચાર્યના ઉપદેશથી **તેણે 1160માં જૈન ધર્મ અંગિકાર કર્યો** અને **પરમાર્હત** નુ બિરૂદ ધારણ કર્યુ.

→ પાટણમાં કુમાળપાળ વિહાર , ત્રિભુવન વિહાર વિગેરે જૈન મંદિરો બંધાવ્યાં.

→ પ્રભાસ પાટણ માં તેણે પાર્શ્વનાથ નુ જૈન દેરાસર બંધાવ્યું.

→ જાલોરના કાંચનગિરિ ગઢ પર કુમારવિહાર નામે જૈનચૈત્ય બંધાવ્યું.

- **અજયપાળ: (ઈ.સ.1173 થી 1176)**

→ કુમારપાળનુ મૃત્યુ થતાં તેના નાનાભાઈ મહિપાળનો પુત્ર અજયપાળ આવ્યો.

→ **તેણે જૈનધર્મ તરફનુ પક્ષપાતી વલણ દૂર કર્યુ.**

→ **મૂળરાજ બીજો (બાળ મૂળરાજ) (ઈ.સ.1176 થી 1178)**

→ અજયપાળના અવસાન પછી **મૂળરાજની માતા નાયિકાદેવીએ પુત્રને સાથે રાખી શાહબુદ્દીન ઘોરીને યુદ્ધમાં હરાવ્યો.**

→ તેનુ અચાનક અવસાન થતા નાનોભાઇ ભીમદેવ બીજો શાસાન પર આવ્યો.

- **ભીમદેવ બીજો: (ઈ.સ.1178 થી 1242)**

→ તેણે 63 વર્ષ શાસન કર્યુ. તેના સમયમાં માળવામાં પરમાર વંશના રાજા વિંધ્યવર્માએ ધારાનગરીને સોલંકી શાસન થી મુક્ત કરી.

→ મહમંદ ઘોરીના સૂબા કુતુબુદ્દીન ઐબકે ગુજરાત પર ચડાઇ કરી ભીમદેવને પાટણ પાસે હરાવ્યો હતો. ત્યારબાદ તેણે પાટણ શહેર ને લૂંટ્યુ, બાળ્યુ અને પાછો ચાલ્યો ગયો. રાજા ભીમદેવ આ સમય દરમ્યાન કોઇ દૂર્ગમાં ભરાઇ રહ્યો હતો.

- **સોલંકી વંશનો છેલ્લો રાજા:** ત્રિભુવનપાળ

→ કમનસીબ ભીમદેવ પછી ઈ.સ.1242 માં તેનો પુત્ર ત્રિભુવનપાળ ગાદી પર આવ્યો. તેણે મેવાડના રાજા જૈતસિંહ સાથે યુદ્ધ કર્યુ.

→ ઈ.સ.1244માં મૃત્યુ થયુ.

→ ગુજરાતના સોલકી વંશની સતા અને પ્રતિષ્ઠાનો અંત આવી ચૂકેલો હતો. ત્યાર પછી **વ્યાઘ્રપલ્લીના વાઘેલા વંશનો શાસનકાળ શરૂ થયો.**

- **વાઘેલા વંશ: (ઈ.સ.1226 થી 1299)**

**સ્થાપક:** વિસળદેવ વાઘેલા. તેણે વિસનગર શહેર વસાવ્યું .

→ અર્ણોરાજ કુમાળપાળનો સગો માસિયાઇ ભાઇ થતો હતો. કુમાળપાળે તેને સામંત બનાવ્યો હતો અને વ્યાઘ્રપલ્લી નામનુ ગામ ભેટ આપ્યું.

→ અર્ણોરાજ (આનાડ઼) નો પુત્ર લવણપ્રસાદ ખૂબ પ્રતાપી હતો. પોતાના પરાક્રમથી તેણે પોતાના મંડળનો વિસ્તાર વધાર્યો અને ધોળકા ગામ વસાવી ત્યાં પોતાની રાજધાની સ્થાપી. લવણપ્રસાદનો પુત્ર વીરધવલ પણ બુદ્ધિશાળી અને પરાક્રમી હતો.

→ લવણપ્રસાદે વસ્તુપાલને મંત્રી તરીકે નિમ્યો હતો.1252માં વસ્તુપાલને સૂબા તરીકે ખંભાત મોકલ્યો. **વસ્તુપાલે લાટના રાજાના શંખને હરાવ્યો અને સમગ્ર લાટ(ભરૂચ) વિસ્તાર પર વાઘેલાઓની સતા સ્થાપી.**

→ અન્ય સેનાપતિ તેજપાલે ગોધરાના રાજા ઘૂંઘલ હરાવ્યો.

→ વસ્તુપાલ તેજપાલે ઘણાં મંદિરોનુ નિર્માણ કરાવ્યું. વસ્તુપાલે આબુ પર 'લૂણગવસહિ' 1230 માં બંધાવ્યું. આ ઉપરાંત તેણે 'સુરથોત્સવ' અને 'કીર્તિકૌમુદી' નામના બે મહાકાવ્યો રચેલાં છે.

- **વિસલદેવ વાઘેલા: (ઈ.સ 1244 થી 1262)**

→ ત્રિભુવન પાળનું અવસાન થતાં વિસલદેવે 1244 માં પાટણની ગાદી મેળવી. 1247 સુધી તેજપાલ તેનો મહામાત્ય હતો. તેના અવસાન બાદ નાગડને મહામાત્ય બનાવ્યો.

→ તેણે માળવાના રાજાને હરાવ્યો હતો. તેણે દક્ષિણમાં સિંઘણના સૈન્ય પર વિજય મેળવ્યો. આ ઉપરાંત તેણે મેવાડના તેજસિંહને હરાવ્યો.

→ તેણે ઉત્તર કોંકણના રાજા શિલાહાર અને હોયસાળ રાજાઓને હરાવ્યાં.

→ **તેણે ડભોઈના વૈદ્યનાથ મંદિરનો જિર્ણોદ્ધાર કરાવ્યો હતો.**

→ વિસલદેવના જ સમયમાં 1312 થી 1315 સુધી ભીષણ દુષ્કાળ પડ્યો. હતો ત્યારે **કચ્છના વણિક જગડુશાએ પુષ્કળ મદદ કરી હતી.**

→ **વિસલ દેવે વિસનગર શહેર વસાવ્યું અને 'અપરાર્જૂન' અને 'અભિનવસિદ્ધરાજ' એવાં બિરુદો ધારણ કર્યા હતાં.**

→ વિસલ દેવ ની રાણીનું નામ નાગલ્લદેવી હતું. પુત્ર ન હોવાથી તેણે પોતાના મોટાભાઇ પ્રતાપમલ્લના પુત્ર અર્જુનદેવને ગાદી સોંપી.

- **અર્જુદેવ વાઘેલા: (1262 થી 1275)**

→ અર્જુનદેવને રાજવી તરીકેનો ઉલ્લેખ કરતો એક શિલાલેખ કચ્છમાંથી મળ્યો છે. તે પરથી જણાય કે તેની સત્તા કચ્છ–સૌરાષ્ટ્ર સુધી હતી.

- **સારંગદેવ વાઘેલા: (1275 થી 1296)**

→ તેણે માળવાના રાજાઓને હરાવ્યા હતાં.

→ તેણે યાદવ રાજા રામચંદ્ર (દેવગિરિ) ને હરાવ્યો હતો.

→ **તેના સમયમાં સોમનાથનો વિશાળ પાયા પર જીર્ણોદ્ધાર થયો.**

→ સારંગદેવના અવસાન બાદ તેના મોટાભાઈ રામદેવનો પુત્ર કર્ણદેવ ગાદી પર બેઠો.

- **કર્ણદેવ વાઘેલા (રાયકરણ / કરણ ઘેલો): (1296 થી 1299)**

→ તે ગુજરાતનો છેલ્લો રજપૂત રાજા હતો. તેના સેનાપતિ માધવે અલ્લાઉદીન ખિલજીને ગુજરાત પર આક્રમણ કરવાનું આમંત્રણ આપ્યું. નંદશંકર તુળજાશંકર મહેતાએ તેના જીવન પરથી **કરણઘેલો** નામની નવલકથા લખી હતી. જે ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા છે.

## ગુજરાતનો મધ્યકાલીન ઈતિહાસ

❖ **ગુજરાતમાં મુસ્લિમ સત્તાના શાસનના ત્રણ વિભાગ પાડી શકાય.**

**૧) દિલ્હી સલ્તનતની સત્તા. (1299 થી 1405)**
**૨) સ્વતંત્ર સુલતાનોની સત્તા. (1405 થી 1572)**
**૩) મુઘલ સત્તાનો યુગ (1572 થી 1760)**
**આ પ્રમાણે લગભગ 5 સદીઓ સુધી ગુજરાતમાં મુસ્લિમ સત્તા સ્થપાયેલી રહી.**

## ગુજરાતમાં દિલ્હી સલ્તનત.

- **ખલજી વંશ:**

**(1) અલાઉદ્દીન ખલજી:**

→ અલાઉદીન ખલજી સામ્રાજ્યવાદી હતો. **ગુજરાતની નબળી રાજકીય સ્થિતિ પારખીને 23 ફેબ્રુઆરી 1299 ના રોજ ઉલુઘખાન અને નુસરત ખાનને ગુજરાત પર આક્રમણ કરવા માટે મોકલ્યા.** મેવાડના ડુંગરાળ માર્ગે કૂચ કરીને ખલજીનુ લશ્કર મોડાસા પહોંચ્યું.

→ ત્યાંથી લશ્કર આશાવલમાં પહોંચ્યું. વિજેતા સૈન્યએ હવે ગુજરાતના પાટનગર અણહીલવાડ પાટણ તરફ કુચ કરી. વિના મુશ્કેલીએ ખલજી લશ્કરે પાટણ કબ્જે કર્યું.

→ ઈસ્લામના લશ્કરને રાજા કર્ણદેવનો પુષ્કળ ખજાનો, હાથીઓ અને સ્ત્રીઓ હાથે લાગી. અને તેમાં કર્ણદેવની પત્ની કમલાદેવી પણ હતી. પાટણને લૂંટ્યા પછી ખલજી લશ્કરે સોમનાથ મંદિર લૂંટ્યુ. અને શિવલીંગના કટકા કરી દિલ્હી લઈ જવામાં આવ્યું. ત્યારબાદ સોમનાથથી નુસરતખાન ખંભાત તરફ ગયો.અને તેને કબજે કર્યું.

→ નુસરતખાનને ત્યાં **મલેક કાફુર** મળ્યો. ઉલુઘખાન સૌરાષ્ટ્રમાં જ રહ્યો હતો. તેણે સૌરાષ્ટ્રના ઘણા નગરો પર કબજો મેળવીને લુટ્યાં હતાં. ત્યાર પછી બન્ને સેનાપતિઓ આશાવલમાં ભેગા મળ્યા. રસ્તામાં આબુ માર્ગે જતાં કાન્હડદેના **ઝાલોર પર આક્રમણ** કર્યું. લશ્કર પાછુ જતાં કર્ણદેવ પુનઃશાસન પર આવ્યો.

→ કર્ણદેવની પત્ની કમલાદેવી જે અલાઉદ્દીનના જનાનખાનામાં હતી. તેણે પોતાની પુત્રી દેવળદેવીને ગુજરાત માંથી દિલ્હી લાવીને પાટવીકુંવર **ખિજરખાન** સાથે પરણાવવાની ઈચ્છા દર્શાવી.

→ ઈ.સ.1204–05 માં અલાઉદ્દીને **મલીક અહમદ ઝંપન**ને પાટણ પર આક્રમણ કરવાનો હુકમ કર્યો. રાતોરાત કૂચ કરીને લશ્કર પાટણ આવી પહોંચ્યું. કર્ણદેવ ફરી નાસી ગયો. તે દેવગિરિના રાજાને શરણે ગયો. પરંતુ અલાઉદ્દીનખાનના ભાઈના કારણે ત્યાં આશરો મળ્યો નહી. પાટણથી દેવગિરિ તરફ જતાં દેવળદેવી અને તેનો રસાલો અલ્લાઉદ્દીનની લશ્કરની ટુકડીના હાથે પકડાઈ ગયા. તેને દિલ્હી મોકલવામાં આવ્યાં. ત્યારબાદ **અલ્લાઉદ્દીને પોતાના બનેવી અલપખાનને ગુજરાતના સુબા તરીકે નીમ્યો.**

→ મલેક કાફુરે અલ્લાઉદ્દીનના કાન અલપખાન સામે ભંભેર્યા. અને નવેમ્બર 1315 માં અલપખાનને પાછો બોલાવવામાં આવ્યો. બાદમાં મલેક કાફુરે તેને મરાવી નાખ્યો.

→ 1316 માં અલાઉદ્દીનનું અવસાન થતાં ગુજરાતમાં બળવાખોરોની સત્તા જામી. ત્યારબાદ 1320 માં **ગાઝી મલિકે તુઘલખ વંશની સ્થાપના કરી.**

**(2) તુઘલખ વંશ:**

→ **સ્થાપક:** ગ્યાસુદીન તુઘલખશાહ (ગાઝી મલિક)

→ **તેણે મલેક તાજુદ્દીનને ઝફરખાનનો ખિતાબ આપીને ગુજરાતના સુબા તરીકે નિમણૂક કરી.**

→ ત્યારબાદ મહંમદ તુઘલખે ગુજરાતમાં સેનાપતિ તરીકે મલિક અહેમદ બિન અયાઝની નિમણુંક કરી. ત્યારબાદ મલિક મુકાબીલને સુબો બનાવવામાં આવ્યો.

→ ત્યારબાદ આવેલાં **ફિરોઝશાહ તુઘલકે મલેક સુલતાનીને ગુજરાતનો સુબો બનાવ્યો. આ મલેક સુલતાનીને ઝફરખાને 1407 માં મારીને ગુજરાતમાં સ્વતંત્ર મુસ્લિમ સલ્તનતની સ્થાપના કરી.**

## ગુજરાતમાં સ્વતંત્ર મુસ્લિમ સલ્તનત:

- **તાતારખાન (મહંમદશાહ પહેલો):**

→ તે મુઝફ્ફરશાહ પહેલાનો પુત્ર હતો. તે સુલતાન મહંમદ તુઘલક બીજાનો એક અગત્યનો ઉમરાવ હતો. આ દરમ્યાન તાતારખાન નું અવસાન થયું. **અને ઝફરખાન મુઝફ્ફરશાહ પહેલાનો ખિતાબ ધારણ કરી ગાદી પર આવ્યો.**

- **મુઝફ્ફર શાહ પહેલો:**

→ ગુજરાતમાં સૌ પ્રથમ સ્વતંત્ર મુસ્લિમ રાજ્યની સ્થાપના કરી. (સ્થળ: વીરપુર)

- **અહેમદશાહ પહેલો:**

→ **સ્વતંત્ર મુસ્લિમ સલ્તનતનો ખરો/વાસ્તવિક સ્થાપક.**

→ મૂળનામ : **અહેમદખાન**

→ પિતા તાતારખાનનું અવસાન થયું ત્યારે તે માત્ર 13 વર્ષનો હતો.

→ તે 10 જાન્યુઆરી 1411માં નસિરુદ્દીન અહેમદશાહ નો ખિતાબ ધારણ કરી 19 વર્ષ ની વયે ગાદી પર આવ્યો.

→ તેણે જૂનાગઢનાં રાજા રા'માંડલિક ને હરાવ્યો.

→ તેણે માળવા, ચાંપાનેર, ઇડર વગેરેનાં રાજાઓને હરાવ્યા.

→ તેણે 26 ફેબ્રુઆરી 1411 નાં રોજ અમદાવાદની સ્થાપના કરી. આ ઉપરાંત **તેણે 1427 માં હાથમતી નદીના કિનારે અહમદનગર (હાલનું હિંમતનગર) ની સ્થાપના કરી.** આ નગરની ઈમારત ભદ્રનો કિલ્લો જામા મસ્જિદ અને ત્રણ દરવાજા હતા.

→ **અમદાવાદ ટંકશાળમાં ધાતુના સિક્કા પડાવનાર પ્રથમ** શાસક હતો.

- **ગ્યાસુદ્દીન મહંમદ શાહ:**

→ તેણે ઇડર અને વાગડનાં પ્રદેશો પર આક્રમણ કર્યું.

- **સુલતાન કુતુબુદીન અહેમદ શાહ: (અહેમદ શાહ બીજો)**

→ તેણે અમદાવાદમાં **હોજે–કુતુબ (કાંકરીયા તળાવ)** બંધાવ્યું.

→ આ ઉપરાંત **કુતુબુદીન ની મસ્જિદ 'દિલ્હી ચકલામાં'** બંધાવી. આથી ઈતિહાસકારો તેને **ગુજરાતના 'શાહજહાં'** તરીકે ઓળખાવે છે.

- **નસીરુદ્દીન મહેમુદ શાહ:**

→ મુસ્લિમ સલ્તનતનો શ્રેષ્ઠ રાજવી: **'ગુજરાતનો અકબર'**

→ મૂળનામ : **ફતેહખાન,** ઉપનામ : **મહેમુદ બેગડો,** રાજધાની : **ચાંપાનેર.**

→ **તેણે 1467 માં જૂનાગઢમાં ચૂડાસમા વંશના રાજા 'રા'માંડલિક' ને હરાવી જૂનાગઢનું નામ 'મુસ્તુફાબાદ' રાખ્યું. ત્યારબાદ તેણે પાવાગઢના રાજા 'પતઈ રાવળ' ને હરાવી પાવાગઢ જીતી લીધું અને તેનું નામ 'મુહંમદાબાદ' રાખ્યું. ત્યારબાદ તેણે વાત્રક નદીના કિનારે મહંમદાબાદ બંધાવ્યું જે આજે મહેમદાવાદ તરીકે ઓળખાય છે. મહેમદાવાદમાં ભમ્મરિયો કૂવો બનાવ્યો.**

→ તેણે 1473માં દ્વારકા પર કબજો લીધો. **દ્વારકા પર વિજય મેળવનાર તે પ્રથમ મુસ્લિમ સુલતાન** હતો.

→ તેણે પોર્ટુગીઝોને નૌકા યુદ્ધમાં હરાવ્યા. ચેવલ બંદર પર ફિરંગીઓને હરાવ્યા હતા.

→ તેણે સરખેજના રોજાઓનું બંધારણ કરાવ્યું. તેણે રાણી રૂકમતીની મસ્જિદ, જૂમા મસ્જિદ, કેવડા મસ્જિદ, ખજૂરી મસ્જિદ, લીલાગુંબજની મસ્જિદ વગેરેની સ્થાપના કરાવી.

→ તેણે ચાંપાનેરનો કિલ્લો નવેસરથી બંધાવી 'જહાંપનાહ' નામ આપ્યું આ ઉપરાંત, તેણે 'ચાંદો–સૂરજ મહેલ' બંધાવ્યો.

→ તેના જનાનખાનામાં કામ કરતી બાઈ શ્રીહરિ એ 1499માં 'દાદાહરિની વાવ' બંધાવી હતી, આ, ઉપરાંત તેના આદેશથી 1499માં વીરસિંહની રાણી રૂડાબાઈ માટે મોહંમદ બેગડાએ અડાલજની વાવનું નિર્માણ કરાવ્યું હતું.

→ મહંમદ બેગડો, તેની બેગમ અને તેના શાહજાદાઓની મજાર **સરખેજ રોજા**માં આવેલી છે. **શેખ અહેમદ ખટુગંજ બક્ષ**ની પણ મજાર સરખેજ આવેલી છે. તેઓએ **ગુજરાતમાં થી સૌ પ્રથમ ગળીનો નિકાસ** કરાવ્યો હતો.

- **મઝફ્ફરશાહ બીજો:** (સંત સુલતાન) (મહંમદ બેગડાનો પુત્ર)

→ તેણે વડોદરા પાસે દોલતાબાદ નામનું નગર વસાવ્યું.

→ તેનાં સમયમાં બાબરે ગુજરાત પર આક્રમણ કર્યું. પરંતુ ફાવ્યો નહિ.

→ દિવ ખાતે પોર્ટુગીઝોને વેપાર કરવાની પરવાનગી આપીને ભૂલ કરી.

- **સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજો:**

→ **ગુજરાતના મુસ્લિમ શાસનનો છેલ્લો સુલતાન.**

→ તેના વજીર **ઈતિમાદખાને મુઘલ સમ્રાટ અકબરને ગુજરાત પર આક્રમણ કરવા વિનંતી કરી. 1572માં અકબરે** સૈન્ય સાથે ગુજરાત પર આક્રમણ કરી વિજય મેળવ્યો અને ગુજરાતમાં મુસ્લિમ શાસનનો અંત આવ્યો અને મુઘલ સલતનત શરૂ થયું.

## ગુજરાતમાં મુઘલ યુગ

- **અકબર:**

→ ગુજરાત પર **વિજયની યાદમાં તેણે ફતેહપુર સિક્રી ખાતે 'બુલંદ દરવાજા'** નું નિર્માણ કરાવ્યું. તેણે મુઘલ શાહજાદાઓની સૂબાઓ તરીકે નિયુક્તી કરી.

→ ગુજરાત પ્રાંતની વહીવટી વ્યવસ્થા ગોઠવી. **પ્રાંતના દીવાન રાજા ટોડરમલે જમીનની જાત પ્રમાણે મહેસૂલ ઉઘરાવવાની પદ્ધતિ** દાખલ કરી. અનામિકા એકેડમી

- **જહાંગીર:**

→ તેણે **અંગ્રેજ પ્રતિનિધિ 'ટોમસ રો'** ને વેપાર કરવાની પરવાનગી આપતાં અંગ્રેજોએ **1613 માં સુરતમાં પોતાની પ્રથમ વેપારી કોઠી સ્થાપી.** ગુજરાતની મુલાકાત દરમ્યાન અમદાવાદની ધૂળ અને ગરમીથી પરેશાન થઈ **જહાંગિરે અમદાવાદને 'ગર્દાબાદ' એટલે કે 'ધૂળિયું' શહેર કહ્યું.**

- **શાહજહા:**

→ તે ઘણો સમય ગુજરાતના સૂબા તરીકે રહ્યો.

→ તે સમય દરમ્યાન અમદાવાદમાં **'શાહીબાગ'** અને **'મોતીશાહી'** મહેલની સ્થાપના કરી.

- **ઔરંગઝેબ:**

→ તેનો **જન્મ દાહોદ**માં થયો હતો. તે ક્રુર, ઘાતકી અને અસહિષ્ણુ રાજા હતો. તેણે **હોળી–ધૂળેટી જેવાં તહેવારો પર પ્રતિબંધ** મૂક્યો, તેનાં સમયમાં **જજિયાવેરો પુનઃ** શરૂ કરવામાં આવ્યો. તેનાં સમયમાં **શિવાજી મહારાજે 'બાબુલ મક્કા' તરીકે ઓળખાતાં સુરતને બે વાર (5મી જાન્યુ. 1664 અને ૨જી ઓક્ટો.1670)** લૂંટ્યું હતું, ઔરંગઝેબના અવસાન બાદ મુઘલ સત્તા નબળી પડી, અને રાજ્યનું તંત્ર વેર–વિખેર થયું. આ તકનો લાભ લઈ કેટલાંક વિસ્તારમાં મરાઠાઓ શાસનકર્તા બની બેઠા. અનામિકા એકેડમી

# ગુજરાતનો અર્વાચીન ઈતિહાસ

- **મરાઠા શાસનકાળ:**

→ 1707માં ઔરંગઝેબનું અવાસાન થતાં મુઘલસત્તા નબળી પડી. ગાયકવાડી શાસકો અને પુનાના પેશ્વાઓના હુમલાઓ મુઘલો અટકાવી શક્યા નહિ.

→ આ અરસામાં **સુરત અને ખંભાતના બંદરોની જાહોજલાલી અસ્ત પામી.**

→ વડોદરાના દામાજીરાવ ગાયકવાડના પુત્રો વચ્ચેના કલહનો લાભ લઈ અંગ્રેજોએ સુરત અને ભરૂચમાં પોતાની સત્તા સ્થાપી દીધી.


Office : Branch 1: Anamika Academy, Sector-22 LAL Bhuvan Complex, Near Gh-6 Circle
Branch 2 : Pramukh Prerana Apartment, Sector 6-B Gandhinagar
Visit : www.anamikaacademy.org for more details OR Call : 9979997945 ,8000040575

→ ભારતના કુલ **562** દેશી રાજ્યોમાંથી ગુજરાતમાં નાના–મોટા **366** દેશી રાજ્યો હતાં, **તે પૈકી વડોદરા રાજ્ય સૌથી મોટું** અને પ્રગતિશીલ દેશી રાજ્ય હતું.

→ **સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના સમયમાં તમામ ક્ષેત્રોમાં પ્રગતિ થઈ.** અને નોંધપાત્ર વિકાસ થયો.

❖ **1818માં પેશ્વાઈનો અંત** આવતાં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની સર્વોપરી સત્તા બની. **કંપનીને ગુજરાતના મળેલા** પ્રદેશો **5 જિલ્લાઓમાં** વહેંચાયેલાં હતાં. 1853માં સિંધીયાએ **પંચમહાલ જિલ્લો, પાવાગઢ અને ચાંપાનેરના પ્રદેશો** બ્રિટિશ સરકારને સોંપ્યા.

- **સયાજીરાવ ગાયકવાડ:**

→ તેમના સમયમાં ગુજરાતનો સૌથી વધુ વિકાસ થયો.

→ પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત જાહેર થયું.

→ તેમના સમયમાં વડોદરામાં ગુજરાતનું પ્રથમ રેડિયો કેન્દ્ર શરૂ થયું.

→ સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ ગુજરાતનો વહિવટ ગુજરાતીમાં કરાવ્યો.

▪ **અંગ્રેજોની સત્તા ભારતની પ્રજાપર જામતી ગઈ, તેમ તેમ પ્રજામાં અસંતોષ પેદા થયો. ૧૮૫૭માં તે વિપ્લવ સ્વરૂપે પરાકાષ્ટાએ પહોંચ્યોં.**

- **1857નો વિપ્લવ**

→ દિલ્હીના છેલ્લા બાદશાહ બહાદૂરશાહ ઝફર સાથે અંગ્રેજોનો અનુચિત વ્યવહાર, અયોધ્યાના નવાબ અને તેની પ્રજા પર જુલમ, સરકારની ખાલસાનીતિ, બાજીરાવના દત્તકપુત્ર નાના સાહેબને હડહડતો અન્યાય તથા ઝાંસીની રાણીને અન્યાય વગેરે કારણો રાજકીય પરિબળ બન્યા.

→ જ્યારે અંગ્રેજોની ધાર્મિક સુધારાઓની નિતિ અને એનફિલ્ડ રાઈફલમાં ગાય અને ડુક્કરની ચરબી ધાર્મિક કારણો બન્યા. ઉત્તર ભારતમાં શરૂ થયેલો આ વિપ્લવ ગુજરાત સુધી પહોંચ્યો.

➢ **1857ના વિપ્લવમાં ગુજરાતનો ફાળો:**

→ ગુજરાતના **નાંદોદ, દાહોદ, ગોધરા, રેવાકાંઠા તથા મહીકાંઠાનો પ્રદેશ ક્રાંતિમાં** જોડાયા, ગુજરાતમાંના કુલ 15 ક્રાંતિકારીઓ પકડાયાં, તેમાંના ચાર ને તોપના મોંએ ચઢાવવામાં આવ્યા, 9 ને કેદ તથા એકને કાળા પાણીની સજા થઈ.

→ **ગુજરાતમાં 1857ના વિપ્લવની શરૂઆત અમદાવાદમાં લશ્કરની 7મી ટૂકડીએ જૂન – 1857માં કરી,** 1857ની 9મી જૂલાઈએ 7 જણાએ દારૂગોળાનો ભંડાર કબજે કરવા પ્રયત્ન કર્યો, પણ તે નિષ્ફળ જતાં તમામને ફાંસીએ લટકાવવામાં આવ્યા.

→ જુલાઈમાં **પંચમહાલના દાહોદ, જાલોદ તથા ગોધરાના હિંદી સૈનિકોએ કોળી ભીલ અને નાયકડા જાતિના લોકોની મદદથી** કેટલીક સરકારી કચેરીઓ કબજે કરી.

→ **લૂણાવાડા**માં બળવાની ગંધ આવતાં **અંગ્રેજોએ આખા ગામને આગ ચાંપી.**

→ **આણંદના મુખી ગરબડદાસ પટેલે ખાનપુરના ઠાકોર જીવાભાઈના સહકારથી કોળી, ભીલ અને નાયકડા જાતિના લોકોને ભેગા કરી અંગ્રેજો વિરુદ્ધ સંગ્રામ શરૂ કર્યો,** અંગ્રેજ લશ્કરનો સામનો કરવામાં **માલાજી જોષી** અને **કૃષ્ણદાસ દવેએ મહત્વનો ફાળો** આપ્યો.

→ **ઓગષ્ટ** 1857માં **રાજપીપળાના નાંદોદના હિંદી સૈનિકોની ટુકડીએ સંગ્રામ કર્યો,** જ્યારે **માર્ચ 1857માં ઉમરપુરના જોધા માણેકના નેતૃત્વમાં ઓખા મંડળના વાઘેરોએ સંગ્રામ કર્યો.**

→ **ડિસેમ્બર – 1858**માં **તાત્યા ટોપે** તેમના લશ્કર સાથે ગુજરાતમાં આવ્યાં હતા. અને **પંચમહાલ**માં 15 દિવસ રોકાયાં હતા.

→ આ વિપ્લવ નિષ્ફળ જતાં 1858માં ઈસ્ટ ઈન્ડિયા કંપની પાસેથી બ્રિટીશ તાજે ભારતનો વહિવટ સંભાળી લીધો. **1860**માં **આવકવેરો** શરૂ કરતાં **સુરતના વેપારીઓએ આંદોલન** ચલાવ્યું હતું. **1878માં લાઈસંસ ટેક્સના વિરોધમાં પણ સુરતમાં** આંદોલન થયું હતું.

→ **સુરત**ના **દુર્ગારામ મહેતા** તથા **મહીપતરામ કરસનદાસ મૂળજી** વગેરે એ **સામાજિક સુધારણા** ક્ષેત્રે ક્રાંતિકારી પગલાં ભર્યા.

→ **રણછોડલાલ છોટાલાલ રેંટિયાવાળા**એ અમદાવાદમાં સૌ પ્રથમ કાપડની મીલ શરૂ કરી. **1871માં સુરત** તથા **ભરૂચ**માં અને **1872માં અમદાવાદ**માં **પ્રજા સમાજ** નામથી રાજકીય સત્તા સ્થાપી. **1884**માં **અમદાવાદમાં ગુજરાત સભા**ની સ્થાપના થઈ.

- **કોંગ્રેસનો જન્મ:**

→ **એ.ઓ.હ્યુમ**ની પ્રેરણાથી **1885ના ડિસેમ્બરની 28મી તારીખે** બપોરે મુંબઈની એક ગુજરાતી સંસ્થા **ગોકળદાસ તેજપાલ સંસ્કૃત મહાવિદ્યાલય**ના મકાનમાં સૌ પ્રથમ સભા મળી, આ અધિવેશનમાં કુલ **72** પ્રતિનિધિઓ હતાં, આ અધિવેશન **ત્રણ** દિવસ ચાલ્યું તેના પ્રથમ પ્રમુખ **વ્યોમેશચંદ્ર બેનર્જી** હતાં, **બીજું અધિવેશન દાદાભાઈ નવરોજી**ના પ્રમુખપદે **કલકત્તા**માં અને **ત્રીજું મદ્રાસમાં બદરૂદ્દીન તૈયબજી ના પ્રમુખપદે** ભરાયું.

→ કોંગ્રેસના નીચે મુજબના **અધિવેશનો** ગુજરાતમાં ભરાયાં હતાં.

| સ્થળ | સાલ | અધ્યક્ષ |
|---|---|---|
| **અમદાવાદ** | **૧૯૦૨** | **સુરેન્દ્રનાથ બેનર્જી** |
| **સુરત** | **૧૯૦૭** | **રાસબિહારી ઘોષ** |
| **અમદાવાદ** | **૧૯૨૧** | **હકીમ અજમલખાન** |
| **હરિપુરા** | **૧૯૩૮** | **સુભાષચંદ્ર બોઝ** |

→ આમ આઝાદી પહેલાં વર્તમાન ગુજરાતમાં **૪ અધિવેશનો** ભરાયાં.

- **ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિ:**

→ ગુજરાતમાં સશસ્ત્રક્રાંતિની **પ્રેરણા અરવિંદ ઘોષ** પાસેથી **અંબુભાઈ પુરાણી**ને મળી હતી, **તેમણે ગુજરાતમાં ઠેર ઠેર વ્યાયામ પ્રવૃત્તિઓ શરૂ કરી.** 13 Nov. 1909ના રોજ અમદાવાદના **રાયપુર દરવાજા પાસે વાઈસરોય લોર્ડ મિન્ટો** પર બોમ્બ નાખવામાં આવ્યો હતો.

→ 1916માં **મગનભાઈ ચતુરભાઈ પટેલે અમદાવાદમાં હોમરૂલ લીગની** શાખા સ્થાપી હતી. **માંડવી (કચ્છ)ના શ્યામજીકૃષ્ણ વર્માએ ઈંગલેન્ડ**માં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ આદરી. તેમણે લંડન ખાતે **" ઈન્ડિયન હોમરૂલ લીગ "** અને **"ઈન્ડિયા હાઉસ"** ની સ્થાપના કરી. **લીંમડીના સરદાર સિંહ રાણા** વગેરેએ વિદેશમાં ક્રાંતિકારી.

→ **ઈંદુલાલ યાજ્ઞિક આયર્લેન્ડની ક્રાંતિમાં** ભાગ લઈને આવ્યા અને ગુજરાત માંથી સૌ પ્રથમ તૈયાર થયેલ ભારતનો ઝંડો જર્મનીના સ્ટુઅર્ડ ગાર્ડમાં લહેરાવવા તેઓ અંગ્રેજોની નજર છુપાવી લઈ ગયા. ત્યાં **માદામ ભિખાઈજી કામાએ** ભારતનો ઝંડો ફરકાવ્યો. અનામિકા એકેડમી

- **ગાંધીજીનું આગમન:**

→ **1915**માં ગાંધીજી ભારતમાં આવ્યા. 1 વર્ષ સુધી ભારત ભ્રમણ કરી તેઓએ ભારતના પ્રવર્તમાન પાસાઓ ઉપર ધ્યાન આપ્યું, આ યાત્રા કરવાની સલાહ તેમના **રાજકીય ગુરુ ગોપાલ કૃષ્ણ ગોખલે**એ આપી હતી.

→ આ અગાઉ શેખ **અબ્દુલ્લાની પેઢીમાં ગાંધીજી નોકરી કરવા માટે દક્ષિણ આફ્રિકા** રહી આવ્યા હતાં, 1894 માં તેમણે **દ.આફ્રિકા નાતાલની કોર્ટમાં સૌ પ્રથમ હિંદી વકીલ** તરીકે પ્રવેશ મેળવ્યો, ત્યાં તેમણે **ફિનિક્સ આશ્રમ** અને **ટોલ્સટોય** ફાર્મની રચના કરી. ત્યાંના ભારતીયોના પ્રશ્નોને વાચા આપી, હિંદીઓનો મતાધિકાર પાછો ખેંચી લેવાના કાયદાનો વિરોધ કરી **નાતાલ ઈન્ડીયન કોંગ્રેસની સ્થાપના** કરી, તેમની માંગણીઓ સરકારે મંજૂર કરતાં તેઓ 1915માં ભારત પાછા આવ્યાં, અને ભારત ભ્રમણ બાદ **25 સ્ત્રી–પુરુષો સાથે જીવણલાલ બેરિસ્ટરના મકાનમાં સત્યાગ્રહ આશ્રમ(કોચરબ)**ની સ્થાપના કરી. **કોચરબમાં મરકી(પ્લેગ)**ની બિમારી ફેલાતાં **સાબરમતી આશ્રમ સ્થાળાંતર** કર્યું.

- **મહાત્મા ગાંધી:**

→ જન્મસ્થળ : **પોરબંદર (કીર્તિમંદિર)** (વડોદરામાં પણ કીર્તિમંદિર છે જે કળા સાથે સંકળાએલ છે. એને અને આને કોઇ કનેક્શન નથી.)

→ પૂરુનામ : મોહનદાસ કરમચંદ ઉત્તમચંદ(ઓતાજી) ગાંધી.

→ માતાનુંનામ : **પૂતળી બાઈ**

→ **બાળપણનો અભ્યાસ રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં**

→ **કોલેજનો અભ્યાસ ભાવનગરની શામળદાસ કોલેજમાં**

→ સાબરમતી આશ્રમ ખાતેનું નિવાસસ્થાન : **હદયકુંજ** તરીકે ઓળખાયું

→ તેમની આત્મકથા : **સત્યના પ્રયોગો.**

→ જહોન રસ્કીનના પુસ્તક **"અન ટુ ધી લાસ્ટ"** થી તેઓ પ્રભાવિત હતા તેના પરથી તેમણે **"સર્વોદય"** નામ નુ પુસ્તક લખ્યું.

→ ગાધીજીને સૌ પ્રથમ વાર **"સેંટ પીટર્સબર્ગ"** નામના સ્ટેશન પર **રંગભેદની નીતિનો સામનો** કરવો પડ્યો.

→ **ચાર પુત્ર :** હરિલાલ, મણિલાલ, રામદાસ અને દેવદાસ

→ તેમનો **પાંચમો પુત્ર :** જમનાલાલ બજાજ ; **અંગત સલાહકાર :** મહાદેવભાઈ દેસાઈ.

→ **રાજકીય ગુરુ :** ગોપાલકુષ્ણ ગોખલે.

→ **આધ્યાત્મિક ગુરુ :** શ્રીમદ રાજચંદ્ર (જન્મસ્થળ: વવાણીયા)

